GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા
▶ When the worlds sleeps
▶ Our power keeps working
▶ Ensures uninterrupted Performance
▶ 24x7 service
▶ 365 days a year
▶ Because downtime is not an option
▶ Soundless power
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો ૨ + ૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૩૯ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ આઠમ, સોમવાર ૮ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

# ઘરેલુ રાંધણ ગેસના ભાવમાં રૂ. 29નો વધારો

**ઈરાન** યુદ્ધ શરૂ થયા પછી ઘરવપરાશના એલપીજીમાં બીજી વખત વધારો, અગાઉ રૂ. ૬૦ વધારાયા હતા

**ઉજ્જવલા** યોજનાના લાભાર્થીઓને વર્ષના પ્રથમ ચાર સિલિન્ડર રૂ. ૬૪૨ના ભાવે મળવાનું ચાલુ રહેશે

**સરકારનો** બોદો બચાવ : પશ્ચિમ એશિયા સંકટને કારણે તિવ્ર ઉછાળો છતાં ભારતમાં અન્ય દેશ કરતાં LPG સસ્તો



**નવી દિલ્હી, તા. 7:** ઘરેલુ રાંધણ ગેસ (LPG)ના ભાવમાં સિલિન્ડર દીઠ રૂ. 29નો વધારો કરવામાં આવ્યો છે. વૈશ્વિક ઊર્જા ખર્ચના ઊંચા સ્તરનો સામનો કરી રહેલી સરકારી માલિકીની ઈંધણ રિટેલર કંપનીઓ દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં આ બીજો વધારો કરવામાં આવ્યો છે.

ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, 7 જૂનથી દિલ્હીમાં 14.2 કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત રૂ. 913થી વધીને રૂ. 942 થશે. આ અગાઉ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક ઊર્જા પુરવઠો ખોરવાતા અને આંતરરાષ્ટ્રીય ઈંધણના ભાવ વધતા, 7 માર્ચે સિલિન્ડર દીઠ રૂ. 60 નો વધારો કરવામાં આવ્યો હતો, જે બાદ હવે આ નવો વધારો ઝીંકવામાં આવ્યો છે. ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે આ વધારાથી ઘરેલું એલપીજીના વેચાણ પર થઈ રહેલા નુકસાનની માત્ર આંશિક ભરપાઈ જ થઈ શકી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, તાજેતરના ભાવ સુધારા પહેલાં, સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને વેચાતા દરેક એલપીજી સિલિન્ડર પર અંદાજે 703 નું નુકસાન થઈ રહ્યું હતું. એલપીજીના ભાવમાં આ વધારો ઈંધણના ભાવમાં થઈ રહેલા વ્યાપક વધારાની વચ્ચે આવ્યો છે.

જ્યારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY)ના લાભાર્થીઓને વાર્ષિક પ્રથમ ચાર રિફિલ પર રૂ. ૩૦૦ની સબસિડી મળ્યા પછી સિલિન્ડર દીઠ અસરકારક રીતે રૂ. ૬૪૨ ચૂકવવાનું ચાલુ રહેશે, જે ગયા વર્ષે જાહેર કરાયેલા ૯ રિફિલથી ઘટાડીને કરવામાં આવ્યું છે. જ્યારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) ના લાભાર્થીઓને વાર્ષિક પ્રથમ ચાર રિફિલ પર રૂ. ૩૦૦ની સબસિડી મળ્યા પછી સિલિન્ડર દીઠ અસરકારક રીતે રૂ. ૬૪૨ ચૂકવવાનું ચાલુ રહેશે, જે ગયા વર્ષે જાહેર કરાયેલા ૯ રિફિલથી ઘટાડીને કરવામાં આવ્યું છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી અડચણોને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે એલપીજીના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હોવા છતાં, ભારતીય પરિવારો વૈશ્વિક સ્તરે રાંધણ ગેસ માટે સૌથી ઓછી કિંમત ચૂકવવાનું ચાલુ રાખી રહ્યા છે, તેમ સરકારે રવિવારે જણાવ્યું હતું.

## યુદ્ધ વિરામ છતાં બૈરૂત પર ઇઝરાયેલના હુમલા

**હિઝબુલ્લાહના** હુમલાના જવાબમાં હુમલા કરાયા હોવાનો દાવો, જાનહાનિના કોઇ અહેવાલ નહીં



**બૈરૂત, 7 (AP):** વોશિંગ્ટનમાં યુદ્ધવિરામ કરાર અમલમાં આવ્યાના ગણતરીના દિવસો બાદ જ ઇઝરાયેલે રવિવારે દક્ષિણ બૈરૂતના ઉપનગરો પર હુમલા કર્યા હતા.

ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની ઓફિસના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ હુમલા હિઝબુલ્લાહ આતંકવાદી જૂથ દ્વારા અગાઉ ઉત્તરી ઇઝરાયેલ તરફ કરવામાં આવેલા ગોળીબારના જવાબમાં કરવામાં આવ્યા હતા, અને આ હુમલાઓમાં વિશાળ શહેરી વિસ્તારોમાં આવેલા કમાન્ડ સેન્ટર્સને નિશાન બનાવવામાં આવ્યા હતા.

હિઝબુલ્લાહે ઇઝરાયેલ પર ફાયરિંગ કરવાની તાત્કાલિક જવાબદારી સ્વીકારી નથી. આ હુમલા એવા સમયે થયા છે જ્યારે લેબનોન અને ઇઝરાયેલની સરકારોએ વોશિંગ્ટનમાં ચાલી રહેલી વાટાઘાટોમાં યુદ્ધવિરામ કરારનું નવીનીકરણ કર્યું છે, જેનાથી બૈરૂતને આશા છે કે દેશભરમાં ચાલી રહેલા યુદ્ધનો અંત આવશે. આ હુમલામાં જાનહાનિ અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી. ૧૭ એપ્રિલના રોજ લેબનોન અને ઇઝરાયેલ વચ્ચે પ્રથમ કરાર અમલમાં આવ્યો ત્યારથી ઇઝરાયેલે લેબનોનની રાજધાનીના દક્ષિણ ઉપનગરો પર પહેલેથી જ બે વાર હુમલા કર્યા હતા. આ દરમિયાન, દક્ષિણ લેબનોન પર દરરોજ હુમલા ચાલુ છે, અને હિઝબુલ્લાહના લડાકુઓ તથા ઇઝરાયેલી સૈનિકો વચ્ચે પણ અથડામણો થઈ છે.

## જંતર મંતર પ્રદર્શન તો માત્ર ટ્રેલર, પ્રધાન સાત દિવસમાં રાજીનામુ આપે : CJP

**કેન્દ્રીય** મંત્રી પ્રધાન રાજીનામું ન આપે ત્યાં સુધી સીજેપીનું આંદોલન ચાલુ રહેશે : અભિજીત દીપકે

**CJPના** ફાઉન્ડરે જંતર મંતર પરના વિરોધ પ્રદર્શનને સફળ ગણાવ્યું અને ભાગ લેનારાનો આભાર માન્યો

**છત્રપતિ સંભાજીનગર, તા. 7 (PTI):** કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજીત દીપકેએ રવિવારે જંતર મંતર પરના વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા બદલ લોકોનો આભાર માનીને ચેતવણી ઉચ્ચારી હતી કે જો સાત દિવસમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં નહીં આવે કે તેઓ રાજીનામું નહીં આપે ત્યાં સુધી આ આંદોલન અટકશે નહીં.

X પરની એક પોસ્ટમાં અને તે પછી અહીં પત્રકારો સાથે વાત કરતાં દીપકેએ એવો પણ દાવો કર્યો હતો કે, શનિવારે નવી દિલ્હીમાં જંતર-મંતર ખાતે સીજેપી ના બેનર હેઠળ આયોજિત વિરોધ પ્રદર્શન મોટા પાયે સફળ રહ્યું હતું, જેમાં આશરે 7,000 લોકોએ ભાગ લીધો હતો. તેમણે ઉમેર્યું હતું કે, આ આંદોલન હવે દેશવ્યાપી બનશે.

સીજેપી એ યુવાનોની આગેવાની હેઠળનું એક ઓનલાઈન આંદોલન છે, જે નીટ, સીબીએસઈ, સીયુઈટી અને એસએસસી પરીક્ષાઓ સહિતની પરીક્ષાઓ અને ભરતી પરીક્ષાઓમાં

...અનુસંધાન પાના 2 પર

## અમેરિકી કંપનીએ નાના ન્યુક્લિયર રિએક્ટર વિકસાવ્યા, ભારતને પણ મોકલાશે

**માર્ક-૦** ડેમોન્સ્ટ્રેશન રિએક્ટરે આપમેળે ન્યુક્લિયર ચેઇન રિએક્શનની શરૂઆત કરી

**નાના** રિએક્ટરો શરૂ કરવા માગતા ભારત સહિતના દેશોને આ રિએક્ટરો વેચવાની અમેરિકાની યોજના



**વોશિંગ્ટન, તા. 7 (PTI):** એક ખાનગી અમેરિકી કંપની દ્વારા વિકસાવવામાં આવેલા નાના ન્યુક્લિયર રિએક્ટરે પ્રથમ ક્રિટિકાલિટી હાંસલ કરી છે. નાના મોડ્યુલર રિએક્ટર્સ (SMRs)ના વિકાસમાં આ એક મહત્વનું કદમ છે, જેને વોશિંગ્ટન ભારત સહિતના દેશોને વેચવાની યોજના બનાવી રહ્યું છે.

એન્ટારેસ ન્યુક્લિયર દ્વારા બનાવવામાં આવેલા માર્ક-૦ ડેમોન્સ્ટ્રેશન રિએક્ટરે ૪ જૂનના રોજ – નિર્ધારિત સમય કરતાં એક મહિનો વહેલા – પ્રથમ ક્રિટિકાલિટી એટલે કે સ્વનિર્ભર ન્યુક્લિયર ચેઈન રિએક્શનની શરૂઆત હાંસલ કરી હતી. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખાનગી ક્ષેત્રને નવા ન્યુક્લિયર રિએક્ટર્સ વિકસાવવા માટે પ્રોત્સાહિત કર્યા હોવાથી આ સફળતા મળી છે.

નિષ્ણાતો આ મહત્વપૂર્ણ સિદ્ધિને દેશમાં 'બીજી ન્યુક્લિયર ક્રાંતિ'ની શરૂઆત તરીકે ગણાવી રહ્યા છે, કારણ કે આ દેશે છેલ્લા ચાર દાયકા કરતાં વધુ સમયથી આ ક્ષેત્રમાં નવી ટેકનોલોજીનું પરીક્ષણ કર્યું ન હતું. ન્યુક્લિયર એનર્જી ઈન્સ્ટિટ્યૂટના પ્રેસિડેન્ટ અને સીઈઓ મારિયા કોર્સનિકે જણાવ્યું હતું કે, અમેરિકા એપી-૧૦૦૦ જેવા પરંપરાગત મોટા રિએક્ટર્સ ઉપરાંત ભારતને નાના રિએક્ટર્સ વેચવા માટે પણ ઉત્સુક છે. અમેરિકામાં વિકસાવવામાં આવી રહેલા માઈક્રોરિએક્ટર્સ થોડાક સો કિલોવોટથી લઈને ૧.૨ મેગાવોટ (MW) સુધીની વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. આ રિએક્ટર્સને એસેમ્બલ કરીને દુનિયામાં ગમે ત્યાં તૈનાત કરવા માટે વિમાન દ્વારા લઈ જઈ શકાય છે. અમેરિકા ભવિષ્યના અવકાશ મિશનો માટે પણ ન્યુક્લિયર પાવરનો ઉપયોગ કરવાની યોજના બનાવી રહ્યું છે.

## પરસ્પરના મતભેદ ઉકેલવા આજે વિપક્ષી ઇન્ડિયા ગઠબંધનની બેઠક

**૨૩ રાજકીય** પક્ષોએ 'ઇન્ડિયા જનબંધન' બેઠકમાં તેમની ભાગીદારીની પુષ્ટિ કરી હોવાનો જયરામ રમેશનો દાવો

**ડીએમકે** અને આમ આદમી પાર્ટી બેઠકમાં હાજરી નહીં આપે, વિજયની પાર્ટી ટીવીકેનો સમાવેશ થવાની સંભાવના

**નવી દિલ્હી, તા. 7 (PTI):** તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં પ્રાદેશિક આધારસ્તંભ ગણાતા ટીએમસી અને ડીએમકેના પરાજય બાદ બદલાયેલા સત્તાના સમીકરણો વચ્ચે ભાજપનો સામનો કરવા માટે પોતાની વ્યૂહરચના ફરીથી તૈયાર કરવા અને પરસ્પર મતભેદો ઉકેલવા માટે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનના આશરે ૨૩ રાજકીય પક્ષો સોમવારે બેઠક કરશે.

રાષ્ટ્રીય પાટનગરમાં આવેલી કન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે યોજાનારી આ બેઠકમાં કોંગ્રેસના રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે, ટીએમસીના મમતા બેનર્જી અને અભિષેક બેનર્જી, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ, આરજેડીના તેજસ્વી યાદવ અને શિવસેના (યુબીટી)ના ઉદ્ધવ ઠાકરે ઉપરાંત ડાબેરી નેતાઓ અને નાના પક્ષોના નેતાઓ સહિત વિરોધ પક્ષોના ટોચના નેતાઓ હાજર રહે તેવી શક્યતા છે.

એક્સ પર એક પોસ્ટમાં કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું

...અનુસંધાન પાના 2 પર

## ભારત સાથેના સરહદી વિવાદ ઉકેલવા દ્વિપક્ષી મંત્રણાના માર્ગને નેપાળનો ટેકો

**ભારતની** મુલાકાતે આવેલા નેપાળના વિદેશ મંત્રીએ મંત્રણામાં કોઇ ત્રીજા પક્ષની સંડોવણીના ભારતના ઇન્કારને સમર્થન આપ્યું

**નેપાળના** વડાપ્રધાનની સરહદી વિવાદ અંગેની ટિપ્પણીઓથી ઉભા થયેલા વિવાદ પછી તેમના વિદેશ મંત્રીનું મહત્વનું નિવેદન

**નવી દિલ્હી, તા. 7 (PTI):** નેપાળ ભારતીય પક્ષ સાથેના તેના સરહદ વિવાદને હાલની દ્વિપક્ષીય વ્યવસ્થાઓ દ્વારા ઉકેલવા ઈચ્છે છે કારણ કે જ્યારે બંને પક્ષો ખુલ્લા મન, તાર્કિક વિચારધારા અને પરસ્પર સન્માન સાથે બેસે છે ત્યારે કોઈપણ સમસ્યા બહુ મોટી અને જટિલ હોતી નથી, તેમ નેપાળના વિદેશ મંત્રી શિશિર ખનાલે રવિવારે જણાવ્યું હતું. આ સાથે જ તેમણે કોઈપણ ત્રીજા પક્ષની સંડોવણીના નવી દિલ્હીના ઈનકારને અસરકારક રીતે સમર્થન આપ્યું હતું.

ખનાલે જણાવ્યું હતું કે કાઠમંડુ નવી દિલ્હીને ૨૧મી સદીના ભૂરાજકારણના વિકૃત, અતિ-સંવેદનશીલ ચશ્માથી જોવાનો ઈનકાર કરે છે અને તેના બદલે સ્વચ્છ આંખો અને નેપાળના આર્થિક પરિવર્તનના એકમાત્ર પારદર્શક એજન્ડા સાથે ભારત તરફ જોવાનું લક્ષ્ય રાખે છે. નેપાળના વિદેશ મંત્રીએ તેમના ભારતીય સમકક્ષ એસ જયશંકર સાથે વ્યાપક ચર્ચા કર્યાના

...અનુસંધાન પાના 2 પર

તા. ૦૭-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૯.૨° સે. | ૨૪.૮° સે. | ૧૦% |

## અમેરિકામાં પીઝા ડિલિવરીમેન ભારતીય પર અંધાધૂંધ ગોળીબાર કરી હત્યા

**હૈદરાબાદના** અંશુલને પીઝાનો બોગસ ઓર્ડર આપીને નિર્જન વિસ્તારમાં પીઝા ડિલિવરી માટે બોલાવાયો હતો

**હૈદરાબાદ, તા. 7 :** અમેરિકાના ફિલાડેલ્ફિયામાં મોડી રાત્રે કથિત રીતે પીઝા ડિલિવરી કરી રહેલા એક ભારતીય યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. મૃતકની ઓળખ ૨૮ વર્ષીય અંશુલ કુંચા તરીકે થઈ છે, જે હૈદરાબાદનો રહેવાસી હતો.

અંશુલના પરિવારે દાવો કર્યો છે કે, આ હત્યા તેની સામે ગોઠવવામાં આવેલા એક 'ષડયંત્ર'નું પરિણામ હતી. અંશુલની બહેન તન્વીએ જણાવ્યું હતું કે, અમને માહિતી આપવામાં આવી હતી કે અંશુલના માથામાં ત્રણ ગોળી મારવામાં આવી હતી અને તેને રસ્તા પર ફેંકી દેવામાં આવ્યો હતો.

તન્વીએ ઉમેર્યું હતું કે, તેના ભાઈની માલિકીની કોઈ પણ વસ્તુની ચોરી થઈ નથી અને તેને એક નિર્જન

...અનુસંધાન પાના 2 પર

## ટ્રમ્પની AI નીતિના ઘડવૈયા શ્રીરામ ક્રિષ્નનનું સલાહકારપદેથી રાજીનામુ

**રાજીનામાનું** કારણ આપ્યું નહીં, થોડા સમય પછી અમેરિકા માટે નવું કામ કરવાની વાત કરી

**ભારતીય** મૂળના ક્રિષ્નનની આ હોદ્દા પર નિમણૂકની કેટલાક અતિ જમણેરીવાદીઓએ સખત ટીકા કરી હતી



**વોશિંગ્ટન, તા. 7 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) અંગેની નીતિઓના મુખ્ય ઘડવૈયા, ચેન્નાઈમાં જન્મેલા શ્રીરામ ક્રિષ્નન વ્હાઈટ હાઉસમાં સિનિયર પોલિસી એડવાઈઝર તરીકેના પોતાના પદ પરથી રાજીનામું આપી રહ્યા છે.

માઈક્રોસોફ્ટ, ફેસબુક અને ટ્વિટર જેવી કંપનીઓમાં કામ કરી ચૂકેલા 42 વર્ષીય ક્રિષ્નને શનિવારે 'X'(અગાઉનું ટ્વિટર) પર એક પોસ્ટ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટેના સિનિયર પોલિસી એડવાઈઝરનું પદ છોડવાની જાહેરાત કરી હતી. ક્રિષ્નને જણાવ્યું હતું કે, હું આ મહિનાના અંતમાં વ્હાઈટ હાઉસમાં મારી ભૂમિકા છોડી રહ્યો છું. એક નાનકડા બ્રેક પછી, હું AI ક્ષેત્રે અમેરિકા સામે આવી રહેલા કેટલાક મોટા પડકારોનો સામનો કરવામાં મદદ કરવા માટે

...અનુસંધાન પાના 2 પર